# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૧૪/૦૮/૨૦૧૭ થી તા.૨૦/૦૮/૨૦૧૭

## પ્રેસનોટ –

**V .NAGAR I 21-2017**

**વિવેકાનંદ નગર પો.સ્ટે.હદના વણ શોધાયેલ બ્લાઇન્ડ મર્ડર મિસ્ટ્રિના ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીઓને ઝબ્બે કરતી એલ.સી.બી,/ એસ.ઓ.જી.અને પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ અમદાવાદ ગ્રામ્ય**

અત્રેના જીલ્લાના વિવેકાનંદ નગર પો.સ્ટે હદ વિસ્તારના સરદાર પટેલ રીગ રોડ, હાથિજણ સર્કલ નજીક અવાવરૂ જગ્યા,બાવળની ઝાડિ માંથી ગઇ તા. ૨૯/૦૬/૨૦૧૭ ના રોજ ઉ.વ.આશરે ૩૫ થી ૪૦ વર્ષ ની અજાણી સ્ત્રિની લાશ મળી આવેલ જે સંબધે તા.૨૯/૦૬/૧૭ પહેલા કોઇ અજાણ્યા ઇસમે કોઇ અગ્મ્ય કારણોસર મરણજનાર અજાણી સ્ત્રિને તિક્ષ્ણ  હથિયાર વડે ગંભીર ઇજાઓ કરી મોત નીપજાવેલ સંબધમાં વિવેકાનંદ નગર પો.સ્ટે. ખાતે ખૂનનો ગુન્હો નોધાયેલ જે ગુન્હામાં મરણજનાર અજાણી સ્ત્રિના વાલીવારસ કે ગુન્હાને અંજામ આપનાર આરોપીઓ સંબધે કોઇ ફળદાયક હકિકત મળી આવેલ નહિ આમ, આ ગુન્હો વણ શોધાયેલ રહેવા પામેલ હોઇ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ ગુન્હો શોધવા સારૂ જીલ્લા પોલીસ વડા શ્રી આર.વી અસારી સાહેબશ્રી નાઓએ શ્રી જે.એમ. ચુડાસમા પો.ઇન્સ.શ્રી એલ.સી.બી, શ્રી.એસ.એન.રામાણી પો.સ.ઇ.શ્રી એલ.સી.બી, શ્રી.આઇ.એમ.ઝાલા પો.સ.ઇ.શ્રી એલ.સી.બી, તથા શ્રી.વિ.એમ.કોલાદરા ઇ.પો.ઇન્સશ્રી એસ.ઓ.જી. શ્રી એન.એ. રાયમા પો.સ.ઇશ્રી. એસ.ઓ.જી.,અને શ્રી.એસ.એ.મેમણ પો.સ.ઇ.શ્રી પેરોલ ફર્લો સ્કોડ અમદાવાદ ગ્રામ્ય ની અલગ અલગ ટીમો બનાવી જીલ્લા પોલીસ વડાશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ગુન્હો શોધવા ચક્રો ગતિમાન કરેલ

આ કામે મરણજનાર અજાણી સ્ત્રિના જમણા હાથ ઉપર છૂદણા થી નામ કોકીબેન લખાવેલ હોઇ “ કોકી મર્ડર ” નામથી ખાસ એકશન પ્લાન બનાવી તપાસ હાથ ધરેલ તેના ભાગરૂપે મરણજનાર સ્ત્રિના હાથ ઉપર કોકિબેન તથા G.B. તેમજ ત્રિશુલ અને ઓમ છૂદણાથી કોતરાવેલ તે ધ્વારા મરણજનાર ની ઓળખ થવી ખૂબજ મુશ્કેલ હતી અને ખૂનના ગુન્હામાં મરણજનાર ની ઓળખ થાય તો જ ગુન્હાનો ભેદ ઉકેલવા મહત્વની કડિ મળી શકે તેમ હોઇ આ કામે મરણજનાર અજાણી સ્ત્રિની ઓળખ છતી થાય તેવી કોઇ ઠોસ કડી ન હોઇ ગુન્હાની મિસ્ટ્રી બ્લાઇન્ડ મર્ડર કેશ કહિ શકાય જેથી મરણજનારની ઓળખને પ્રાથમિકતા આપી, મરણ જનારની ઓળખ શુનિશ્ચિત કરવાના ભાગરૂપે એલ.સી.બી, એસ.ઓ.જી. અને પેરોલ ફર્લોની ટીમે જીલ્લાની સરહદે અડીને આવેલ જીલ્લામાંથી મીસીગ માહિતી મેળવી અંદાજે ૩૦૦ થી વધુ મીસીગ તપાસી, મરનાર સ્રિના પહેરવેશ આધારે ઉત્તર ગુજરાતની વતની હોવાના અંદાજ સાથે તેમજ માતાજીના ભૂવાના અનુમાન સાથે ઉત્તર ગુજરાત વિસ્તારના મંદીર, આશ્રમ અને ભૂવાની તલસ્પર્શી તપાસ કરી

લાશના વાલીવારસ શોધવા કવાયત હાથ ધરેલ તે દરમ્યાન અમદાવાદ ગ્રામ્ય જિલ્લા એસ.પી શ્રી આર.વી અસારી સાહેબને તેમના અંગત બાતમીદાર થકી મળેલ હકિકત અન્વયે મરણ જનાર અજાણી સ્ત્રિની ઓળખ ગીતાબેન W/O બાબુજી બબાજી ઠાકોર ઉ.વ.૪૩ રહે. પગીવાસ, કોલવડા તા.જી. ગાંધિનગર તથા દશામાતાજીના ભૂવા તરીકે થયેલ આમ, લાશની ઓળખ થતા ગુન્હો ઉકલવામાં મહત્વની સફળતા મળેલ

## બે સંતાનની માતા પરણિતા નો આડા સંબધમાં ભોગ લેવાયો

આ કામે મરણજનાર ગીતાબેન ઉ.વ.૪૩ તે ગાંધિ નગર સેક્ટર નંબર-૧૫ના પેટા પરા ફતેપુરા ગામની દિકરી થાય છે અને તેને ગાંધિનગર જીલ્લાના કોલવડા ગામે પગીવાસમાં રહેતા બાબુજી બબાજી ઠાકોર સાથે જ્ઞાતિના રીવાજ મુજબ પરણાવેલ તેના થકિ બે દિકરા છે. આમ, બે સંતાની માતા એવી ગીતાબેન ધાર્મીક વૃતિના કારણે પોતાના ઘરે દશામાંનુ મંદિર ધરાવે છે. અને ભૂવાજીના કામકાજ અર્થે બહાર ગામ આવતિ જતિ હોઇ તે દરમ્યાન એક સંતાનની માતા એવી તક્તા જુલીબેન ડો/ઓ. કાંતિલાલ ભાટીયા ના સંર્પકમાં આવેલ

## મરણજનારની મિત્ર જુલીબેન શકના દાયરામાં

આમ, મરણજનાર ગીતાબેન અને જુલીબેન સારા મિત્ર હોઇ અવાર નવાર જુલીબેનના ઘરે મરણજનાર ગીતાબેન રોકાતિ તે દરમ્યાન મૂળ રાજકોટ અને હાલ અમદાવાદ,ઘોડાસર ખાતે રહેતા જુલીના પૂર્વ પ્રેમિ કમલેશ ચૌહાણના સંર્પકમાં આવેલ તેના થકિ બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના નાની વાવડી ગામના ભરતભાઇ ધુડાભાઇ પાડલીયા (તળપદા કોળી)ની ઓળખાણ થયેલની હકિકત જાણવા મળેલ

## મરણજનારની મિત્ર જૂલીબેન તથા તેનો પ્રેમિ ઝડપયા

આમ મરણજનારની મિત્ર શકના દાયરામાં આવતા તેની શોધખોળ હાથ ધરેલ તેના ફળસ્વરૂપે ચોકકસ બાતમી આધારે એસ.પી. રીગ રોડ હાથિજણ સર્કલ ખાતે વોચ ગોઠવી ભારે જહેતમથી ઝડપિ પાડેલ

(૧) ભરતભાઇ ધુડાભાઇ પાડલીયા (તળપદા કોળી) ઉ.વ. ૩૭ રહે. નાની વાવડી, તા. રાણપુર જી બોટાદ

(૨) જુલીબેન ડો/ઓ. કાંતિલાલ ભાટીયાઉ.વ. ૪૧ રહે. દક્ષિણી સોસાયટી, મુક્તજીવન સ્કૂલ પાસે, મણીનગર અમદાવાદ

નાઓને એલ.સી.બી. કચેરી બોપલ ખાતે લાવી આગવી ઢબે પૂછપરછ કરતા ચોકાવનારી હકિકત સામે આવેલ

## પ્રેમ લીલા છૂપાવવા પ્રેમિ અને પ્રેમિકાએ મળી ગુન્હોને અંજામ આપેલાની કબૂલાત

આ કામે મરણજનાર ગીતાબેનની મિત્ર જુલીબેનના લગ્ન ઇસનપુર અમદાવાદ ખાતે રહેતા નિલેષભાઇ રાણા સાથે જ્ઞાતિના રીવાજ મુજબ થયેલ તેના થકિ એક દિકરો ઉ.વ. ૧૪ નો છે. અને નિલેષ રાણાને અન્ય સ્ત્રિ સાથે પ્રેમ સંબધ હોઇ આશરે ૧૪ વર્ષ ઉપર દિકરાના જન્મના ચારેક માસ પછી છૂટાછેડા લિધેલા

અને પોતાના પિતાના ઘરે રહેતી હતિ તે દરમ્યાન મૂળ રાજકોટ અને હાલ અમદાવાદ, ઘોડાસર ખાતે રહેતા કમલેશ ચૌહાણના સંપર્કમાં આવતા આંખ મળતા જુલી સાથે પ્રેમ સંબધ થયેલ આમ જૂલી અને કમલેશના પ્રેમ સંબધ બાબતે મરનાર ગીતાબેનને જાણ હતિ તે દરમ્યાન કમલેષની પ્રેમિકા જૂલીબેન બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના નાની વાવડી ગામના ભરતભાઇ ધુડાભાઇ પાડલીયા (તળપદા કોળી)ના સંપર્કમાં આવતા બે દિકરાના પિતા એવા પરણીત ભરતભાઇ પાડલીયા અને જુલીબેન એકબીજાના પ્રેમમાં પડેલા તે વાતથી અજાણ એવા જુલીબેનના પૂર્વ પ્રેમી કમલેશ ચૌહાણને મરણજનાર ગીતાબેનએ જુલી અને ભરત પાડલીયાની પ્રેમલીલા બાબતે જાણ કરેલ જેથી ગીતાબેનનો કાંટો કાઢવાનુ જૂલી અને ભરત પાડલીયાએ નક્કિ કરેલ

## ગુન્હાને કેવી રીતે અંજામ આપેલ

મરણજનાર ગીતાબેન અને તેનો બનેવી નડિયાદનો ચેતન બ્રાહ્મણ લગ્નવાંછુ પાસેથી પૈસા લઇ લગ્ન કરાવતા અને લગ્ન કરેલ છોકરી દસ-પંદર દિવસ રોકાઇ મોકો મળતા ભાગી જતી જેને ગુન્હેગારની દૂનિયાની બોલચાલમાં " કટીગ કામ " ના કોડવર્ડમાં ઓળખાય છે. તે " કટીગ કામ " મરણજનાર ગીતાબેન તેના બનેવી ચેતન સાથે મળી કરતા હોવાનુ જૂલી અને ભરત પાડલીયા જાણતા હતા જેથી ગીતાબેનનો કાટો કાઢવાના પૂર્વ નિયોજીત કાવત્રાના ભાગરૂપે કાલ્પનિક પાર્ટી ઉભી કરી બનાવના દિવસે મરણજનાર ગીતાબેનને મોટી પાર્ટી છે અને પૈસા સારા મળશે તેમ પૈસાની લાલચ આપી " કટીગ કામ " ના બાહના હેઠળ એસ.પી.રીગ રોડ હાથિજણ સર્કલ પાસે બોલાવેલ અને ઘટનાવાળી જગ્યાની સામે આવેલ ફ્લેટમાં પાર્ટી સાથે મિટીગ કરવાની છે તેમ કહી તે તરફ લઇ ગયેલ અને પાર્ટીને મોડુ થશે તેમ કહી સમય પસાર કરવાના બાહના હેઠળ બાવળની ઝાડિમાં લઇ જઇ પ્રેમિકા જૂલી સાથે મળી છરીના ઘા મારી મોત નિપજાવી ગુન્હાને અંજામ આપી પલાયન થઇ ગયેલ








*આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી.એસ.ઓ.જી .તથા પેરોલ ફર્લો ટીમ ધ્વારા સદરી વીક દરમ્યાન વણ શોધાયેલ ખુનના ગુનાનો ભેદ ઉકેલી ઉક્ત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(રોહન આનંદ)*
*ઇ/ચા.પોલીસ અધિક્ષક*
*અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ*